૪૭૪૫

તારા સ્વયંવર

નાટક.

ચાર અંકી.

રચનાર.

વલભજી પિતામ્બર.પ્રોત–પોરબંદર.

દોહરો.

સ્વયંવરનો સુખદ ઘણો, હતો હીંદમાં ચાલ;
છોડી તેને હીંદુઓ, હાથ લિધો કુચાલ.
અરે વિચારો ઉર વિષે, દંપતિ કેરૂં સુખ;
ચાલ સદરહું આદરો, નાસે સુખની ભૂખ.

અમદાવાદ
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
એંગ્લો વર્નાકયુગર પ્રીન્ટીંગ પ્રેસમાં
નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.

સંવત ૧૯૪૭ સને ૧૮૯૧
કિંમત રૂ૦=૬–૦

પ્રસ્તાવના.

વંચક જનો! આ નાટક તદન નાનું અને કરકસરથી રચી કાઢેલું છે. આ નાટકની અંદર રાજાઓનો ધર્મ, ન્યાય કેવી રીતે કરવો, વચન એટલે શું, મિત્ર કેવા જોઈએ, મિત્ર પરિક્ષા ક્યારે થાય, નીચ વર્તણુંકના પરિણામ, સ્ત્રીઓનો ધર્મ, શિયળ કેવી રીતે સાચવવું, સ્વયંવર એટલે શું, વગેરે બોધિક બાબતોનો સમાવેશ કીધો છે. વાંચી જોઈ ખાત્રી કરશો.

મારૂં હિંદુસ્તાની ભાષામાં પુર્તુ જ્ઞાન હોવાથી વિદ્વાન વર્ગ ખામીયો માફ કરી ફક્ત અંદરનો સારજ ગ્રહણ કરશો એવી આશા રાખું છું.

પદ્ય વિષયમાં તાળ, માપ, વગેરેમાં ભુલ હોય તે પણ સુધારીને વાંચશોજી.

મલભજી પિતામ્બર પ્રોત. કર્તા.	}	મુ. પોરબંદર.
મથુરાંદાસ પ્રગાણંદદાસ ભટ.	}	ઝુઝુનરશીંગ ચકલો.
હીસાબ રાખનાર.	}	વડવાલી ડેલીમાં ઘરનં. ૧૮૪૪

પાત્ર વર્ગ.

કમળસેન......કમળાવતી નગ્રીનો રાજા.

સુમેરસિંહ......તેનો પ્રધાન.

સુરસેન.........કમળસેનનો પૂત્ર.

વીરસેન........તેનો મિત્ર પ્રધાનનો પુત્ર.

ચતુરસિંહ......સેનાધીપતી.

કનકસેન........કનકાવતી નગ્રીનો રાજા.

રૂપસુંદરી.......તેની સ્ત્રી.

તારા............તેની પુત્રી સુરસેનજીની સ્ત્રી.

ચંગા............તારાની બેનપણી પ્રધાન પુત્રી.

રૂપસિંહ........રૂપનગઢનો રાજા. સુરસેનની મા-
સીનો દીકરો.

કામવશ.........રૂપસિંહનો મિત્ર.

શોમચંદ........રાગપુર ગામનો નગ્રશેઠ.

કુરચંદ..........તેનો દીકરો.

હરખબાઇ......કુરચંદની મા.

વાઢકુટી.........કુરચંદની બેન.

સુંદરસેન.......સુંદરગઢનો રાજા.

મોતીચંદ.......એક સાહુકાર.

ગુલાબ.........તેની સ્ત્રી.

તે સિવાય ચોપદાર, સિપાઇઓ, પુજ, જોગી, મહંત, રૈયતો, માલણ, સરાફ, જીન, હજુરી, વગેરે.

४७४५

तारा स्वयंवर नाटक.

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કમળાવતી. કચેરી.

કમળસેનજી દાખલ થાય છે ને ચોપદાર નકી પુકારે છે.

ચોપદાર—ધણી ખમા, માહારાજા ધિરાજ સલામ પર નીમાહ લીજીયે મેહેરબાન.

કમળસેન—(કરમ કર મેરે હાલ પર. એ રાગ.)

સુણો મુજ પ્રધાના કહો સાચી વાત;
કેવી રીતે ચાલે છે આ રાજપાટ.
વાર્ષીક ઉપજ કેરો શું છે હેવાલ;
કહો મુજ રૈયત સુખી કે બે હાલ.
ધરમ દાનમાં કેવાં કીધાં છે કાજ;
વિસ્તારીને તેની કહો વાત આજ.

સુમેરસિંહ—(બીરાજોજી રાજોજી રાજાધિરાજ. એ રાગ.)

સુણો શીરછત્ર કમળસેન રાજ; કહું જે જે હેવાલ સવિસ્તર આજ.
ઉપજની તો આવક છે કોડ ત્રીસ; તેમાં ખર્ચ રાજનું છે કોડ વીસ.
બાકી કોડ દશનોછે સીલીક સ્વાલ; એ રીતે સુણો રાય વાર્ષીક હેવાલ.
પ્રજા આપ કેરી છે ખુશી બહુ, ધરમદાન કરવામાં તત્પર સહુ.

વિદ્યા ઉત્તેજન માટે કીધી નિશાળ; ધરમશાળા ને ઈસ્પિતાલ વિશાળ.
સદાવ્રત ગરીબ જનોને કાજ; ખુલાવ્યું છે કોઠારની પાસ રાજ.

કમળસેન—(અરે લાલદેવ ઈસ્તરફ જલ્દી આ. એ રાગ.)
સુણોને ચતુરસિંહ સેનાપતી; કહો મુજ લશ્કરમાં કેવી રતી.
કહો શસ્ત્ર શું શું રહે તમ પાસ, સુણીને બિના તે આવે ગિઠાશ.

ચતુરસિંહ— **બેત.**
મ્હારાજા કહું તે સુણો આપ હજુર; પડે શત્રુ પાછળ તો મારે જરૂર
એક એકથી બળિયા છે સામત બહુ; દુશ્મન નાશ કરવામાં તત્પર સહુ.
પડી અરિ પાછળ બહુ આપે ત્રાસ; વીણીવીણી જલ્દીથી કરે તેનો નાશ
ભાલા, બરછી, ને છે કટારો ઘણી; વળી શમસેરો શિરોઇ તણી,
બંદુક, ગદા, અને ધનુષ બાણ; ધરી કર સૂરથી તપે જેમ ભાણ.

કમળસેન—સાબાશ [ઝાલારા ગામની રૈયત આવી સિંહ,
બિકની ફરીયાદ કરે છે.]

રૈયતો—સુણો શીરછત્ર કમળસેન રાજ. એ રાગ.
સુણોને રાજાજી રાજાધિરાજ; જોડી કર બંને વિનવીયે રાજ.
પ્રજા આપે કરી છે ખુશી બહુ; ધર્મદાન કરવામાં તત્પર સહુ.

રાજા—શામાટે છે દીલગીર કહો મુજ પ્રજા,
દીયે દુખ જે કોઇ દઊં હું સજા.

રૈયતો—ઉજડ વન જંગલ દીસે વિકાળ;
ત્યાંથી સિંહ આવી પાડે છે બરાડ,
થઇ ગઈ રૈયત ભુંડે છે હાલ,
તેની વારે ધાઇ કરો રખવાળ.

સુરસેન તથા વીરસેન—[લાલચોળ જેવાં નયન બની કગ·

જસેનને) પિતાજી! આજ્ઞા આપો હમણા તે દુષ્ટ કેસરીનો જઈને પ્રાણ લઈએ.

કમળસેન—શાબાશ, પુત્રો શાબાશ. "જાઓ જલ્દી ત્યાં છેદી કરી સિંહ નાક કાન લાવો આં."

સુરસેન તથા વીરસેન—સત્વર, પિતાજી સત્વર, શું? એ કેસરીસિંહ કંઈ ક્ષત્રીસિંહને જીતી જનવાનો?! નહીં-નહીં, કદી નહીં. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—કનકાવતી. શયનગ્રહ.

રૂપસુંદરી—પ્રાણનાથ! મારે એક વિનંતી કરવી છે, સાંભળવા ફૂરસદ હોય તો કહું?

કનકસેન—પ્રિયા! તારા મનમાં જે તુરંગ હોય તે ખુસીથી કહે.

રૂપસુંદરી— **લાવણી.**

કરો અર્જ શ્રવણ સ્વામીનાથ આટલી મારી;
નીજ પુત્રી કેરૂં હિત દિલમાં ધારી.
થઈ વરવાને છે યોગ્ય "તારા" કુમારી;
કરો લગ્ન મુજ સ્વામીન વાત ઉર ધારી.
નાથ શોધો ક્ષત્રી કુમાર પ્રતાપી પૂરો;
તમ પુત્રી આપો પ્રાણ જોઈને સૂરો.
સ્ત્રી પુરૂષ પરસ્પર સ્નેહ સર્વદા જામે;
તો આશિશ આપે હર્ષ થકી તમ નામે.

કનકસેન— રાગ કલ્યાણ.

સુણ પ્યારી મારી, ધાર્યું મનમેં વિચારી;
સ્વયંવર રૂઢીથી કરીં, લગ્નની તૈયારી. સુંણ.
સ્વયંવરેથી નરનારીનું જોડું જો બંધાય;
પરસ્પરતો દિન પ્રતીદિન પ્રીતિ વધતી જાય. સુંણ

રૂપસુંદરી—ઘણો સરસ છે તર્ક આપનો આનંદ ઉર નવ માય;
પ્યારી પુત્રી "તારા" કેરો સ્વયંવર રચાય. સુણ.

કનકસેન—આજ કચેરીમાં હું જઈને કરીશ પ્રિયા વિચાર;
ઇશ્વર ઇચ્છા ઓણ સાલમાં રચું મંડપ નીરધાર સુણ.

રૂપસુંદરી—પ્રાણ ! જેવી આપણી પુત્રી "તારા" છે ? તેવોજ તેનો ભરથાર મળી આવે તો કેવું સારૂં ?

કનકસેન—અર્વીંદમુખી ! ઈશ્વર સૌ સારૂં કરશે. કયાંછે "તારા" ?

રૂપસુંદરી–'અભિઆસ ઓરડામાં' બેઠી હશે, કેમ બોલાવું ? તારા !

તારા—(અંદરથી) શું કહો છો ? હું મારો અભ્યાસ કરૂં છું; કામ હોય તો આવું ?

કનકસેન—પુત્રી ! કામ તો કંઇ નથી, પણ—
(તારા આવે છે તેને વ્હાલી કરેછે ને પછી રૂપસુંદરીને)
પ્રિયા કચેરીનો વખત થયો ! હું જાઉં છું ?

રૂપસુંદરી—પ્રાણ ! પાછા વેળાસર—

કનકસેન—હા સતી હા. (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—વનવાટ.

સુરસેન—વીરસેન ! આપણે ભૂલાતો નથી પણ ! કમળાવતી છોડી કમળ તળાવ આવ્યા હતા, તે તો ફક્ત ચાર દિવસમાં; ને આજે કમળ તળાવ છોડે ૭ દિવસ થયા તો પણ હજું જંગલને જંગલ ?

વીરસેન—જુઓ, પેલું નગ્ર ઝળકી રહ્યું છે.

સુરસેન—હા, પરંતુ તે આપણી રાજ્યધાની કમળાવતી નહીં. (એમ વાતો કરતાં કરતાં ગામ ભાગોળે આવી પહોચ્યા ને એક ગાલણ ફુલના હાર તથા ગજરા લઇને દરબારમાં જાતીતી તેને) બેન ! આ ગામનું નામ શું ?

માલણ—કનકાવતી.

સુરસેન—તમે કેવા છો ?

માલણ—કેમ ! હું માલણ છું, ને દરબારના આ મોતીબાગની રખવાળી કરૂં છું. તમારે શું કામ છે ?

સુરસેન—અમને આ બાગમાં ઉતારો આપશો.

માલણ—(રાજવંશી જેવા નજરે પડવાથી) ભલે, ચાલો. (બાગમાં જાય છે ને ખાટલો ધડકી નાખી દેયછે) તમે આંહી બેસો. રાજાની કુંવરીનો સ્વયંવર છે માટે આ ફુલના ગજરા તથા હાર આપીને હું હમણાં આવું છું.

(જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ સ્વયંવર મંડપ.

[સર્વે ભૂપતિઓ બેઠા છે, ને તારા કુળનો હાર લઈ દાખલ થાય છે સુરશેન–વિરસેન પણ જોગીના ગુપ્ત વેશમાં સ્વયંવર જોવાની મસે દાખલ થાય છે. તારા સર્વ ભૂપતિઓના મુખ નિહાળતી એકદમ છલંગ મારી સુરસેનજીને હાર આરોપે છે]

કનકસેન–(તારાને) પુત્રી ! પુત્રી ! તારા ! આ શું !? જોગીને?

(તારા જવાબ ના આપતાં ચાલી જાય છે પછી પ્રધાને) તેમને દરવેશ બદલાવી દરબારમાં લાવો. પ્રધાન, સુરસેન, વિરસેન જાય છે.)

રૂપસિંહ—કનકસેનજી જોગટાઓને રાજકન્યા નહીં અપાય.

કામવશ—બરાબર, મંડપ ફરીથી રચાય.

કનકસેન— જુઓ જુઓ ક્ષિપ્રે ભીડી હામ.)

સુણો સુણો સહુ ભૂપાળ, થયું તે મિથ્યા નહીં થાયેરે.
હવે શીદ કૂટો છો કપાળ. થયું.
માટે જાઓ છાના માના ઘેર. થયું.
મુજ નેત્ર વિષે આવે ઝેર, થયું.
જો હોય લડવા મન હામ. થયું.
તો થાઓ તૈયાર તમામ. થયું.

[સુરસેન, વીરસેન, અને પ્રધાન દાખલ થાય છે ને કનકસેનજીને ક્રોધમાં બેઠેલા જોઈ સુરસેનના મિત્ર વિરશે·

નજી પુછે છે.)

વિરસેનજી— (બાપુ સોંપો મને. એ રાગ.)

સુણો કનકસેન કેમ શોકાતુર દીસો નેત્રમાં ઝેર રમે.
આ ભૂખી શમસેર અન જમે, કહો કોનું આ ટાણે મોત ભમે.
ધડ શીશ જુદા થાય આ સમે. સુણો.
રહેતી હોય કોઈને મનમાં હામ, કરવા અમ સાથે સંગ્રામ;
તો થાય તૈયાર સત્વર તમામ. સુણો.

રૂપસિંહ—(તલવાર હાથ કરી.) સુણો સુણો સહુ ભૂપાળ એ રાગ
બસ બસ વધુ બોલ ન વચન, શ્વાન સમ કેમ લવેરે.
કર ઘાત છું માનસિંહ તન. શ્વાન.

સુરસેન—(રૂપસિંહને) કરી કમ્મર સજી હથિયાર,
મુજ સંગ યુધ કરે રે.
છઉ કમળસેન કુમાર. મુજ.
નથી જોતો હું રજપુત તન;
જીતી લઈ જાય કન્યા રતન; મુજ.

રૂપસિંહ-(સુરસેનને) રાખું શરમ જાણી માસી સુત. શ્વાન.
બીજો હોત તો વાઢું કપૂત. શ્વાન.
નથી જોતો ભૂજા માંય જોર. શ્વાન.
નતો દેખાડત કષ્ટ અઘોર. શ્વાન.

વિરસેન—(રૂપસિંહને) તું ગર્વ ન કર લગાર, મુજ૦
કર ઘાવ પેહેલો તું ગમાર. મુજ.
મને સુમેરસિંહ સુત કેય. મુજ.
તમો બાવીશ ને અમો બેય. મુજ.

કામવશ— સુણો કનકસેન. એ રાગ.

થા થા તું તૈયાર કરું કતલ મુજ સંગ લડવા થા તું તૈયાર.
મને બતાવ પ્રાક્રમ તું પેહેલું, સાથે ભજી લે નામ હરી વહેલું;
તને ઓઢાડું ખંજર સેહેલું થા થા.

(લડાઇ સરૂં થાય છે ને કામવશ વિગેરે નાસી જાય છે, રૂપસિંહને પકડી કેદ કરે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—તારાનો ખાનગી મહેલ.

તારા—દાસી?

દાસી—બાઈ સાહેબ શો હુકમ છે? (આવે છે.)

તારા—મારી વહાલી સખી ચંગાને તેડી લાવ (તેડી લાવે છે.)
ચંગા આજ તારો ચેહેરો ફીકો કેમ પડયો છે!

ચંગા—સેહેજ. (નિસાસો નાખે છે.)

તારા—નહી કંઇ પણ કારણ તો હોવું જોઈએ!

ચંગા—બેન તમારી સાથેની મારી સજ્જડ પ્રિતિ—

તારા—(ચંગાનો હાથ પકડી.)

રાગ ધનાશ્રી

થા નહિ બેની નીરાશ વહાલી ચંગા થા નહી બેની નીરાશ. ટેક.
મુજ પ્રિય કરના મિત્ર જે વીરસેન કીધો સત્વરનો નાસ. વહાલી.
રૂપને જીતી સુરને ચરણે પટકી દીધો બહુ ત્રાસ. „
મુજ મન મોહ્યું તુજને દેવા થાય ઘણીજ હુલાસ. „

રૂપને શૌર્યમાં અવર ન કોઈ રહેશું બંને બેન પાસ. ,,
મુજ પિતાનુંજ પિતાને કહીને પુરી પાડીશ મમ આશ. ,,
કેમ છે ખુસી કે ના ખુસી વદે ધરીને મિઠાસ. ,,
ચંગા—ખુસીજ ખુસીજ ખુસીજ ખુસીજ બંનેનો એકજ વાસ ,,
દાશી—(પ્રવેશ કરી) ભોજન કરવા સારૂં માતાજી બોલાવે છે.
તારા—વારૂ, (ચંગાને) બેન ચં—?
ચંગા—નહી બેન, મારા માતુશ્રી રાહ જોઈને બેઠાં હશે.
તારા-ફીકર નહી, ચાલો; દાશી સાથે કેહેવરાવી મૂકશું (જાય છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કમળાવતી કચેરી.

કમળસેન— (તરફડું દિવસ ને રેન એ રાગ.)

તરફડું વિના સુરસેન;
બળે દિલ લ્હાય હાય લ્હાય.
રાજ તાજ અંગાર સમ, ચેન ન મુજને થાય;
પુત્ર સુરને વીર ગયા, જીવ મારો મુંઝાય. બ. ત.
ચક્ષુ મારી ફોડીયુ, અંધ કર્યો તેં ઈસ;
કંચન કર તે ફરી હરી, વણુ મોતેજ મરિશ. બ. ત.
ભીડભંજન ભીડ ભાગ તું, ક્યમ નમેરી થાય;
પળ પળ વારે ઈશ્વરા, દિલ હોળી પ્રગટાય. બ. ત.

પ્રધાન—નામદાર ! આપ જ્યારે અધિરા થશો ત્યારે આ વલખી રહેલી પ્રજાનું શું થવાનું? ધીરજ ધરો ઈશ્વર સર્વે સારૂં કરશે.

કમળસેન—(પ્રધાનના કેવાપર લક્ષ ન દેતાં).

(રે હાય હાય ક્યાં જઉં. એ રાગ.)

રે હાય હાય શું કરૂં, સુજે નહીં કંઈ;
કોપ હરી આ શું કરે, દયા નહીં નહીં. રે હાય.

ઓ પુત્રો હશે થયું શું, તમારૂં તહી;
મુખ ફરી તુજ નીહાળું શું હવે નહીં. રે હાય.

પ્રધાન—(રાજા મુર્છીત થાય છે તેને ઝાલી;) નામદાર! અરે! આપ ધીરજ પકડો. અરરર ઓ વિભૂ દયા ધર, દયા ધર.

કમળસેન—(સુધીમાં આવી) પ્રધાન ! પુત્રોએ મારા હૃદયની અંદર કારી જખમ કરેલો છે; તે નહીં રૂઝાતાં પળ પળ વારે દાવાનળ પ્રગટ કરે છે.
(સિપાઈ દાખલ થાય છે.)

સિપાઇ—કનકાવતીસે એક કાસદ કાગદ લેકર આયા હે.

પ્રધાન—ઉસકું અંદર લાવ.

સિપાઇ—બહુત અચ્છા (જાય છે કાસદ દાખલ થાય છે.)

કાસદ—મહારાજા ! કુમાર શ્રી સુરસેનજીને તેમના મિત્ર વીરસેનજી હવે થોડી મુદતમાં અત્રે ખટલા સહિત પધારશે. લ્યો આ કાગળ [પ્રધાનજીને આપે છે)

કમળસેન—(પોતાના ગળામાંથી રત્ન જડીત હાર કાઢી કા-

સદને પેહેરાવી.) પ્રધાનજી! આ કાસદે આવી મારા શોક સાગરમાં ડુબતા નાવને ડુબવા ન દેતાં અટકાવી રાખ્યું છે, તેને આ પત્ર રૂપી સઢ ચડાવી કિનારૂપી પવન ભરી કીનારાપર લાવો.

પ્રધાન—હુકમ સિરતાજ કરૂં છું. (વાંચે છે.)

(સ્વરિત શ્રી સ્નેહ પુર ગામ એ રાગ.)

સ્વરિતશ્રી કમળાવતી શેહેર, માહારાણા રે;
રહે કુશળ કમળસેન રાજ, શિરોમણી શાણા રે.
કનકાવતીથી કનકસેન, તણા પ્રણામરે;
તમ પુત્રએ આવી આમ, પુરી મન હામરે;
પુત્રી મારીનો સાહ્યો હાથ, સુરસેન રાણારે;
રૂપસિંહ આદી સહુ રાજ, ચાટયા ગોળ ધાણારે.
ક્રોધાવેશ થીયા સહુ ભૂપ, થયું મન લડવારે.
સત્વરસિંહનો થીયો નાશ, માહાકાળી ચડવારે.
કામવશ વેગેરે નૃપ, જીવ લઈ નાઠારે;
રૂપસિંહને કીધો કેદ, કર્યા હાલ માઠારે.
જોઈ વીરસેનનું પ્રાક્રમ, મમ મન મોહ્યું રે;
ચંપા પુત્રી પ્રધાનની સંગ, મુહુરત જોયું રે.
તેની ખુસાલીમાં રૂપસિંહ, મુક્તજ કીધોરે;
તેણે પણી શરમની સંગ, નીજ માર્ગ લીધોરે.
લખજો કુશળતાના પત્ર, વળી શુભ કામરે;
લખીતંગ વલ્લભસેનના, ઘણેરા પ્રણામરે.

કમળસેન—પ્રધાનજી! રાજ્યના તમામ નોકરોને સહુ સહુના

દરજ્જા પ્રમાણે ઘટીત સિરપાવ આપી; આ કાસદને કનકસેનજીપર જવાબ પત્ર લખી આપી રવાના કરો. હું જનાનામાં જઈ ખુશ ખબર આપુંછું. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થલ—રૂપનગઢ રૂપસિંહનું વિચારભુવન.

રૂપસિંહ—દ્વારપાળ પ્રધાનજીને બોલાવી લાવ. (તેવામાં પ્રધાનજી આવે છે.)

પ્રધાનજી—ઘણી ખમા. મહારાજા. (બેસે છે.)

રૂપસિંહ— રાગ.

સુણો સુણોને પ્રધાન, મારી ગઈ સુધશાન,
નથી રહેતું મને ભાન, તારા સ્વયંવર મેદાન;
આસી સુત જે નાદાન, મને કર્યો બંધિવાન. સુણો.
મને ચડે બહુ તાન, માટે કરૂં હું મેહેમાન;
લડુ શુરવીર જાન, ઉતારૂં એનું ગુમાન. સુણો.
ખાવું સુજે નહીં પાન, થાય તારા જીવ જાન;
અંમા સાથે પ્રીતી પા પાન, કરૂં મારીને મેહેમાન. સુણો.
(સેનાધિપતિ–હીરો હજુરી આવે છે.)

પ્રધાન—નામદાર! એમાં વળી મેહેમાન શું કરવો હતો? આજે તેઓ કનકાવતીથી કુચ કરવાના છે; માટે ચાલો આપણે વિશ્રાંતઘાટ પાસે તેનો રથ રો-

કાપે. [હીરા હજુરીને] કેમ હીરજી એમજ ના?

હીરજી--(રૂપસિંહને) ગરીબ નિવાજ ! પ્રધાનજીનું કેવું વાસ્તવીક છે.

રૂપસિંહ—ચાલો, તેની પાસે કંઈ લશ્કર નથી?

સેનાપતી—હોય તોપણ શું? સિંહની ફાળમાંથી શિયાળ કેટલેક છટકવાનો?

પ્રધાન— (ધરસેં યહાં કૌન ખુદા. એ રાગ.)

અરે નામદાર શીદ, વદો છો કાયર વાણી;
કોનો છે બાહાર, રૂપસિંહનું હઠાવે પાણી.
નથી રજપુત એવો, આપને પોહોંચાડે હાણી;
આવે હડફેટમાં જે, કરૂં તેની દશા કાણી.

રૂપસિંહ—પ્રધાનજી ! આપનું સુર વાક્ય સાંભળી હું પ્રફુલ્લિત થાઉં છું. (સેનાપતીને) તમે લશ્કરની તેયારી કરો. હું પણ રાણીવાસમાં જઈ હમણા આવું છું. (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ--વિસ્રાંતઘાટ.

[રૂપસિંહ પોતાના લશ્કરમાંથી સુરસેન, વીરસેન, તારા, અને ચંગા, ને એક બીજાથી જુદા પાડવા સારૂં કપટ રમવા માટે એકને બ્રાહ્મણ, એકને સ્ત્રી, ને એકને રાક્ષસી પોષાક પહેરાવી મોકલે છે.]

બ્રાહ્મણ—(સુરસેન પાસે જઈ) મહારાજનો જય થાઓ.

[આંખમાં અશ્રુ લાવે છે.]

સુરસેન— (સૈયાં કો છુટા કર. એ રાગ.)

શીદ રડો શીદ રડો વિપ્ર આવી આગ પાસ;
બોલો તમે ઝટપટ કષ્ટ કરૂં કટ. શીદ૦

બ્રાહ્મણ—જાય છે જાય છે જુઓ મારી લઇ પુત્ર વધુ;
ધાઓ વારે ધાઓ ઘર ભંગાય જાય પુત્ર વધુ.
ધન, અન, તન, મન, મારૂં થાય, હાય, કટ. શીદ૦

સુરસેન—(વરસેન) દુષ્ટ રાક્ષસનો વધ કરી મહારાજની પુત્ર વધુ લઈ હું હમણાં આવું છું.

વિરસેન—મને આજ્ઞા આપોને આપ આ.

સુરસેન—નહીં તમે આહીં હુશિઆરીથી રહેજો. [જાય છે] ને તે અદ્રસ્ય થયા પછી બ્રાહ્મણ ચાલ પકડે છે.

વીરસેન—(બ્રાહ્મણને) અરે! મહારાજ! આપ જાઓ છો ક્યાં? (બ્રાહ્મણ જવાબ ન આપતાં જોસથી નાસવા માંડે છે તેથી વીરસેન નાગી તલવારે તેની પાછળ પડે છે.)

તારા—(વિરસેનના જવાથી) અરે! આ શો ગજબ! ઓ વિભૂ! આ શો કોપ?

દોહરો.

ખંજરે મારી ગયા, છો મુજ જીવનહાર;
હાશી તારી તરફડે, આંખ ઝરે અંગાર.

નેપથ્થમાં— **ગજલ.**

ધાઓ વીર મુજ વીરસેન, મારી વારે ચડો આપ;
નહીં તો મારા નામની, બેઠાં જપશો જાપ.

તારા—(કપટી બ્રાહ્મણને મારી વીરસેન આવે છે તેને)

દોહરો. (રાગથી).

મિત્ર તમારો દાખવે, ધાઓ વિર વિરસેન;
શુણી શબ્દ બિહામણા, નીર ઝરે મુજ નેન.

વીરસેન—માતા બનો ન ગાભરાં, મિત્ર તણી નવ વાણ;
શત્રુ કો બીજો હશે, થશે જવા થકી હાણ.

તારા—મન માને ન માહરૂં, પુત્ર વીર સૂજાણ;
સતી તણી ફીકર તજી, લિઓ હસ્તમાં બાણ.

વીરસેન—[ઢાલ તલવાર લઈ તારાને નમન કરી. (માતાજી! હુંશિઆરી રાખજો.)

તારા અને ચંગા—(વીરસેન જાય છે ને રૂપસિંહનું લશ્કર આવે છે. તેને જોઈને ગભરાઈ.) હે વિભૂ! અમારૂં શું થશે?! [તેવામાં લશ્કર પાસે આવી ઘેરી લે છે.)

રૂપસિંહ--[તારાને] ચંદન વદની રંભા.

તારા—અરે! તું કોણ? ઓ ધાતકી ઘુવડ! તું તારી માતાને રિબાવવાને કેમ આવ્યો.

રૂપસુંદરી—અરવિંદમુખી! મારૂં નામ રૂપસિંહ તારો પ્યાર ઈચ્છું, તને સુખસાગરમાં સેહેલાણી કરવાને તેડવા આવ્યો છું.

તારા—અરે ! આ ક્ષત્રી પુંદનો ધર્મ છે? આપ વિપરિત્ત
ફેગ વદે છે?

રૂપસિંહ— (અહો તમ સમાન ધરનારી. એ રાગ)

મુજ જીવનહાર અહો પ્યારી, એક વાર પ્રિય પ્રાણ કહે તું. ટેક.
હેત થકી સમજી લે સમજણુ, પ્રિત રીત હૈયે ધારી;
અબળા તજી અભિમાન હવે તું, થાય વલ્લભા મારી. મુજ.

તારા—જારે સઠ ! તું શું એમ સમજે છે કે આ સતી તારે
તાબે થાય? નહીં, નહીં. સતીને છેડવાગાં સાર
નહીં નીકળે. સારૂં ઈચ્છો તો જાઓ સ્વમુકામ.

રૂપસિંહ--પ્રિયા ! તું મારા વચનનો અનાદર કર નહીં,
સ્વીકાર; તું સુખ પામીશ.

તારા—છટ છટ. (ચંગાને) બેન ચંગા ! હવે સંભાળો, આ
કામાંધ કેમે કર્યો માનવાનો નથી (પોત પોતાની
કટારવતી રસ્તો કાપતી નાસી જાય છે તારાને
ત્યાંથી આરધા ગાઉ છેટે રૂપસિંહ પકડે છે ને
પોતાની રાજધાનીમાં લઈ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—જંગલ.

ચંગા— **દોહરો.**

દુષ્ટે દુઃખ આપ્યું ઘણું, થઇ ગઈ ભુંડે હાલ.
તન માંહી ભડકા બળે, જેમ મસાલે રાલ.

તા, સૂ, વી, તે કયાં હશે, કયાં ચંગા દુર્ભાગ્ય;
હે ઈશ્વર આ કોપ શો, કયાં ઠરવાની જાગ્ય.

(રાંમપુર ગામનો નગરસેઠ પોતાના ખટલાસહિત દાખલ થાય છે.)

સોમચંદ—(ચંગાને જોઈ) વળી આ પાપ કયાં હદું.

કુરચંદ—કાં? શું છે? કાકા?

સોમચંદ—(ચંગા બતાવી) જોટા ખડો. (તેવામાં ચંગા પાસે આવે છે તે જોઈ.) વોયરે! કુર્યા હાય, ખાધા, ખાધા. ભાગો ભાગો છોકડાની મા, વાઢકૂટી, ખાધા ખાધા. હે ભગ—

(પડી જાય છે ને હરખવહુ, વાઢકૂટી, કુરચંદ, સોગચંદ વગેરે નાસા નાસ કરે છે.)

ચંગા—(પોતાથી ડરે છે એમ જાણી)

અરે મુવે છોડ મારી બાઇરે સુરકીયાં એ રાગ.

અરે ભોળા જન તમે ડરો નહીં ડરો રે.

કુરચંદ—(હીમત ધરી) કહીઉ જલ્ડીં દું ટારી જાટ આમોને.

ચંગા—રજપૂત જાત મારી ડરો નહી ડરોરે. અરે.

દુખની હું મારી, વીરસેન નારી;
ભટકું છું વન વન, ડરો નહીં ડરોરે. અરે.

કુરચંદ—ટમે અમાડી શાઠે ડાગપુડ આવશો?

શોમચંદ—નઠી જોટી નઠી જોટી, બશો ઠા (હરખબાઇને) જોટાં પણ.

હરખબાઇ—વોય! હુંટી શુ કડું? (લેટના લબરકા લે છે.)

શોમચંદ—કુર્યા! બલો ઠા ને કાંઈ માનટો ઠીક હો?

ચંગા—(કુરચંદને) બસે તમે જે કામ બતાવશો તે કરીશ.
કુરચંદ—ટો ચાલો.
શોમચંદ—વોપડાં— [સર્વ જાય છે.]

પ્રવેશ ૫ મો.

સ્થળ—રૂપનગઢ રૂપસિંહનો ખાનગી મેહેલ.

રૂપસિંહ—(તારાને) બેહાગની ગજલ.

મૃગ લોચની ચતુર પ્રિયા, સુણ કાગની સુંદર;
શોભા શું દીસે તાહેરી, મુજ મેહેલની અંદર. ટેક.
દે પ્રિતિ ભોજન મુજને, પ્યારી છે તું હૈયાહાર;
થા પટરાણી મુજ તણી, દીપાવે દરબાર. મૃગ.

તારા—પ્રીયા રાઠોડ નરવર સૂર એ રાગ.

દુષ્ટ બોલે શું એવાં બોલ, રાખી દીલ લટક લટક લટક.
પુત્રી આ તારીને શીદ રિબાવે, પાપી પિતા તું છટક;
હજાર વાતે ન માનીશ તારૂં,

રૂપસિંહ—પ્રાણ કહે પ્રિય સટક સટક સટક. દુષ્ટ.
કેમ માને છે કે નહી તું તારા, છોડ તારી આ અટક;
નતો પરાણે હું પુન્ય કરાવીશ, આવ શાણી શું છટક છટક.
છટક. દુષ્ટ.

તારા—ચુપ ચુપ, પિતા રૂપલા નીચ તું, કેમ છાંડું ગમ અટક;
પ્રિય તો મારો એકજ સુરસેન, દિન ગાળે વન ભટક ભટક.
ભટક. દુષ્ટ

રૂપસિંહ—ઘેલી પ્રિયા એમ બોલે શું ઘેલું, રાખીને ખોટી ચટક;
આતુર થાઉં છું મળવા તુજને, છાંડ તારી ખટક ખટક ખટક દૃ.
તારા—ઝેરના પ્યાલાનો સ્પર્શ શું થાયે, મુઢ મતિ કહે ઝટક;
રૂપસિંહ—ઝેર નહીં પણ અમૃત માની, ઘટક ઘટક ઘટક દૃ.
તારા—(રૂપસિંહ નજદીક આવી બાથ લેવા જાય છે તેથી દુર ખસી) ઓ નીર્લજ ! ઓ નીચ ! હે કાળમુખા કૃત્તિગ ! તું મને નહીં સતાવ.

રૂપસિંહ—

(એમ તું ડરકાં, ધ્યાન ધરકાં, રાખ નજરકાં, પરનારી. એ રાગ)
બહુ સમજાવે, લાડ લડાવે, માન મનાવે, મુજ પ્યારી;
તારા—કેમ રિઝાવે, જીવ મુંઝાવે, બીક ધરાવે, પરનારી.
રૂપ૦—સુણ મમ પ્યારી, નહીં પરનારી, જાઉં વારી બલિહારી;
તારા—મુંઢ વિકારી, કરે વિચારી, થાશે ખુવારી, બહુ તારી.
રૂપસિંહ—લાડ લડાવું હું પ્યારી,
તારા—માતુ પ્યારી તેં ધારી;
રૂપસિંહ—નહીં માતુ તું છું પ્યારી;
તારા—બોલ નહી કહું છું વારી.
રૂપસિંહ—કહે પ્રિય પ્રાણપ્રીય પ્યારી, પછી ન બોલું કંઈ;
દઇશ તુંને હું મારી સરદારી કે—
તારા—અરે ! ઓ કુબુદ્ધિન રૂપસિંહ ! આ ભૂતલ પર ક્યાં સ્ત્રીઓની ખેંચ છે ? જે તું આ તારી માતા ઉપર બદનજર કરે છે ?
રૂપસિંહ—(ઈંદ્ર દેવ સમ દેવ ન બ્રહ્માંડ માંહી. એ રાગ.)

તુજ સમ કોઈ પ્રિયા ન અવની માંહી,
ગુણ ગાઉં ગનનનનનનનન.
સરરસરરસરરસરરસરરસરરસર; બરરરરરરરર (૩) તુજ.
તુજ પરવારી, જાઉં બલિહારી, કરિયે ગમન,
કરિયે ગમન, કરિયે ગમન, આવતું. તુજ.

[વાક્યે વાક્યે ભેટવા જાય છે ને તારા ખસતી જાય છે ને છેવટ ખેંટી ઉપરથી રૂપસિંહના લૂગડાં ઉપાડતી મહેલની બારીમાંથી કુદી પડે છે] ગઈ ગઈ ગઇ.

(આમતેમ દોડે છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રામપુર. ફુરચંદ શેઠનો રંગમેહેલ.

ફુરચંદ—(ચંગાને) આ જગતમાં જો તારે સુખ ભોગવવાની ગરજી હોય, તો હે વલ્લભા! મારૂં વચન ઉલંઘન કર નહી.

ચંગા—છટ છટ, ચંડાળ તેમ કદી બનવાનું નથી; તારૂં અસંભવિત્ત વાક્ય સંભળાવી મારા કર્ણ અપવિત્ર કર નહીં દુર રહે (પોતે દૂર ખસે છે.)

ફુરચંદ—ચંગા ઝાઝા ડાહાપણમાં માલ નથી હો? હું કહું છું કે ઠીક છે?

ચંગા— સિંહાનોકનરો.

આમ પિતા કુરચંદ રિબાવે;
નારી સતી આ ન હાથજ આવે આમ.
તજ કૂરતાતજ નીચપણું તું બીક દેખાડી ગને શુ ડરાવે આમ.
માતું હું તારી વીરશેન નારી, ક્રોડ ઉપાયે ન માને મનાવે. આ·

કુરચંદ—એમ કે? ત્યારે તો તું હવે કાંદો કાઢી લઈસ તે સૌ જોસે

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—જંગળ.

તારા—(વિલાપ કરે છે.) લલીત છંદ.

અરર ઓ વિભૂ, હાય શું થસે;
પ્રિતમ માહરા, ક્યાં ગયા હશે.
સટક સાથ તું, ભેટવે મને;
કરગરી પ્રભુ, વીનવું તને.

દુષ્ટ રૂપસિંહના પાસામાંથી તો છુટી ખરી.
(વીરસેનને સામેથી આવતો જોઈ) અરે આ કોણ?
વીરસેનતો નહીં? (નજદીક આવવાથી) હાકોર ક્યાં રહેવું?

વીરસેન—(મન સાથે) આતો પ્રીય મિત્રની પ્રિયા તારા !
કે નહીં [તારાને] આપ કોણ?

તારા—સુરસેન સંગી.

વીરસેન—કોણ? માતુશ્રી હુ વીરસેન પોતે તમારી બેન ક્યાં છે?

તારા— **રાગ રામગ્રી.**

વીરસેન વીરલા સાંભળો, કરૂં વાકેફ ગાર;
મીત્રની વારે ગયા તમે, રૂપ આવ્યો નીરધાર. વી.
ઘેરી અમોને તાબે થવા, બોલ્યો મુખથી કુવેણ;
કટારે કાપીને રસ્તો કીધો, સૈન્ય તેં દુખ દેણ. વી.
નાશી છુટયા પછી મુજને, નથી ચંગની ભાળ.
ક્યાં ચંગા ક્યાં સુરસેનજી, દિલમાં હોળીની ઝાળ. વી.

વીરસેન--હે શંકરા ! એવો ક્યારે વખત આપીશ કે વિસ-વાસઘા-હોય. (એમ કહી સર્પ ડંસ થવાથી ભોંય પર પરે છે.)

તારા—અરે શું થયું મારા વીર. (મુરછીત થાય છે ને થોડી વારે સાવધ થઈ.)

રાગ રામગ્રી.

હાય હાય વીરસેન તમને, કરડયો ઝેરી નાગ;
રખડતી મેલી વીરલા, લીધો સ્વર્ગનો માર્ગ. હાય.
ક્યારે જનમનું વેર વાળીયું, વેર વનની મોઝાર;
બળતા મહી ઘૃત હોમતાં, નાવી રેહેમ લગાર. હાય.
શું રે કહીશ ભ્રાત તાહરો, પુછશે તુજતણી વાત;
બેન મારી રઝળાવી તેં, દયા હીણુ જગ તાત. હાય.

અરરર દુર્ભાગ્ય ! ઓ પ્રભૂ ! આ તેં શું કર્યું?!(મન સાથ) આમ રડવા કુટવાથી આ જીવનું સુકૃત શું થવાનું!! ગામમાં જઈ ચિતા માટે સર્પણ લાવું. (જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—કુરચંદ શેઠનું દીવાનખાનું.

કુરચંદ—(ગન સાથ) ચંગા! ચંગા !! તું મને કેમ રિબાવે છે?! હું તારૂં હમેશાં શિવ તુલ્ય ચિન્તવન કરૂં છું! છતાં તું તજી કેમ દેય છે! શું મને જરની તંગી છે? મારા કરતાં તારો ભરથાર શું વધાર સ્વરૂપવાન છે? નહીં, પણ તારૂં નસીબ કંગાલ! તે સુખ કેમ લહે. (ચાકરને) ક્યાં ગયો?

નેપથ્થમાં—(ચાકર) આવ્યો સેઠ! પરસાડ ઝાટકું છું.

કુરચંદ—આવવાનું કામ નથી; મોનજી મહારાજને તેડી લાવ.

(જાય છે ને મોનજી આવે છે.)

મોનજી—કાં કુરચંદ શેઠ! શું કરો છો? તમારો ચાકર–

કુરચંદ—આવો આવો. (આવે છે ને બેસે છે.)

સરકાર રજા દીજીએ એ રાગ.

મહારાજ એક કામ, આપનું છે મારેરે;
ડુબ્યો છું દુખ સાગરમાં, કોણ તારે રે. મહારાજ. ટેક.
લાવ્યો છું સ્વરૂપવાન, સુંદરી, સારી;
પણ કથન વૃથા જાય, ફાવે નવ કારી. „
ઘણીક રીતે સમજાવી, પણ છોડે નાંહી હઠ;
માટે વશીકરણ કેરો, મારવો લઠ. „

મોનજી— રાગ.

એમાં તે શું ! (૨) મને દેખાડો એકવાર;
કરી હું દઉં (૨) માને જો નહીંતો ખુવાર. એમાં.

આશે બતાવો મનહરણુ તમારી, તો પછી કરૂં હું કાજ;
આફરડી આવે તમ આગળ, ખેલ કહે શેઠ રાજ. એમાં.

કુરચંદ—(આંગળીના ઈસારાથી બીજા હૌસમાં બેઠેલી ચંગાને બતાવી) જુઓ માહારાજ.

મોનજી—(ચપટી વગાડી) અરે સપાટાબંધ, કાલે તમે મારી પાસે આવજો. (જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—રામપુર. પાદર--શ્મશાન.

સુરસેન— સિંહાનો કનરો.

કયાં હવે શોધું હું મિત્રને તારી ?
કયાં હવે શોધું હું ચંગા બિચારી ? કયાં.
જંગલે જંગલ, ભટકે છે પ્યારી;
હાય હાય વિભૂ, મુજને ધિક્કારી. કયાં.
મિત્રની ઓથ, હતી મુજ સારી;
પાડી વિછુંવો, દીધું કષ્ટ ભારી. કયાં.
ફુલ સજા મહી, પોઢતી નારી;
હાય તેને, કીધી દુખિઆરી. કયાં.
કષ્ટ કાપો પ્રભૂ, દીના વિચારી;
નેન ઝરે નીર, વારમવારી. કયાં.

હે ભીડભંજન !!! ભીડ કેતાં કષ્ટ, ભંજન કેતાં ભાગવું, તેને બદલે—

(પ્રિય વાંચનારા ઉપલા પ્રવેશમાં તમારા વાંચવામાં આવ્યું કેઃ—ચંગાને વશ્ય કરવા સારૂ કુરચંદે મોનજી પુજ-

પાસે ઠરાવ કર્યો હતો, તેજ મોનજી પુજ ચંગા પર મોહીત થવાથી પોતાના મનમાં તેને (ચંગાને) મંત્રથી મારી નાંખવી; ને પછી વાણીઆઓ તેને શ્મશાનમાં બાળી આવે ત્યારે તે બળેલી વાનીનું ચંગાનું પુતળું બનાવી મારા ઈલમથી પાછી સજીવન કરી હું ભોગવું એમ નીશ્ચય કરી તેણે બિચારી ચંગાને મારી નાખી તેને વાણીઆઓ આંહી બાળી ગયા છે, તેથી આ વખ્ત મોનજી પુજ આવીને તેનું (વાનીનું) ચંગાનું પુતળું બનાવી સજીવન કરી પોતાને સ્વાધીન થવા મીલાવટ કરે છે તે જોઈ સુરસેન બોલતો બંધ થઈ એકી નજરે જોય છે.)

મોનજી--(ચંગાને) બોલ ઓ ચંદ્રવદની ! તું મારી સાથે પ્યાર બાંધવા ખુશી છે કે નહીં ? વાણીયા લોકો તું મરી જવાથી આંહી બાળી ગયા હતા, તે બળેલી વાનીનું પાછું મેં તારૂં પુતળું બનાવી તને મારા ઇલમથી સજીવન કીધી છે.

ચંગા—આપે મને સજીવન કીધી તો પુત્રી રૂપી—

મોનજી—નહીં, મારે તારી સાથે સંસારસુખનો લાહાવો લેવો છે.

ચંગા—છટ, છટ ઓ મુંજી ચંડાળ ! દુર્મતી પાપાત્મા ! તું દુર રહે. (દુર ખસે છે.)

સુરસેન—[તલવાર ખેંચી દોડી આવી.] ઓ કામાંધ! તારૂ મોત.

મોનજી—અરે તું કોણ ? માગી કેમ લેય છે, જા અહીંથી.

સુરસેન--શું તારા કંગાળના હાથથી! [તલવાર ખેંચી] લે હવે કર સ્વાદ (ધડ શીશ જુદા કરેછે ને ચંગાને

ઓળખવાથી) કોણ ચંગા?

ચંગા—હા આપ કોણ? સુ?

સુરસેન—(મોનજી પુજનો ગુરૂ ચંગાને અધર ઉચકી અગ્નિ સ્થળે ફેંકી દેય છે તેથી) અરે આ શું? હવે જીવીને શું કરવું [તલવાર ખેંચી ગર્દનપર છાંટવા જાય છે ને આકાશ વાણી થાય છે.)

આકાશવાણી— દોહરો.

પુત્ર નહી થા ગાભરો, જાજે તું દક્ષિણ દીશ;
અગ્નિ જનાવર મારવે, ભેટવશે જુગદીશ

સુરસેન—[તલવાર મ્યાન કરી ગુપચુપ ચાલ્યો જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—અગ્નિ સ્થળ જંગલ.

જોગી—(કુંડમાં જળ ભરવા આવે છે ને થોડીવારે સુરસેન આવી કુંડના કીનારા પર બેસે છે તેને, તું કોન હે!

સુરસેન—હું મુસાફર છું.

જોગી—સુર્યાસ્ત પીછે યહ સ્થળે મત રહેના.

સુરસેન—કેમ મહારાજ?

જોગી—બચ્ચા ઉસ બખત યહાં અગ્નિ જનાવરકા બહુત ડર લગતાહે.

સુરસેન—ગુરૂજી હું રજ.

જોગી—જબ અગ્નિ આવેગા તબ સબ છુપ જાયગી અચ્છા

નહી માનતા હે જબ તેરી મરજી મેં તો કેહુ કે છુટતા હું (જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ— જોગીનીમઢી

જોગી—[ગુરૂને] ગુરૂમહારાજ એક રજપુતકા લડકા સમશેર સજકર અગ્નિ કુંડેમેં બૈઠાહે કેહતા હૈ કે અગ્નિકુ મારેગા.

ગુરૂ—સચ્ચહે વો મારેગા જબ અગ્નિકુ વો મારે તબ ઉસકુ કુંડમે ગીરનેકી નીશાની બતાના કયુ કે જબ અગ્નિ મરેગા તબ ઉસકે પેટમેંસે અગ્નિ બહોત નીકળેગી.

જોગી—અચ્છા ગુરૂ. (મઢીની બારીમાં મોઢું ઘાલી ઉભો છે સુરસેન અગ્નિને મારે છે ને તાપના ભડકા નજરે પડે છે તેથી) કુંડ મેં ગીર પડ કુંડમેં.

ગુરૂ—ક્યું? અગ્નિ વિસર્જન હુવા ક્યાં?

જોગી—હાં ગુરૂ [સુરસેન આવે છે ને ગુરૂને તથા જોગીને પગે પડે છે).

ગુરૂ—જીતે રહો, બચ્ચા તેરી મન કામના સફળ હોય.

જોગી—સુરવીર! તેરેકુ યાં આનેકા કયા માયના?

સુરસેન—(હાથ જોડી) **લાવણી.**

મુજપર ગુજરી સુણો, ગુરૂ તે મારા;
નથી રહી દુઃખની સિમા, નેન નીરધારા,

મુજ મિત્ર હતો સુરસેન, અને ગગ નારી;
વળી હરી ગયો કો શત્રુ; ચંગા બિચારી;
મેં ખેંચી આ શમશેર, મૃત્યુ મન ધારી;
આકાશે વાણી જડે, અગ્નિને મારી.

ગુરૂ—અચ્છા તેરા સર્વ કામ સિદ્ધ હોયગા લેગે જડી પાસે એસા ગુન હે કે—મનુષ્યકું સર્પ ડંસ હુવા હોય વા દીનસે એક અઠવાડીયા પીછે યહ જડી ડંસ પર રખે તો ઉસી બખત થોડીસી દેરમેં મનુષ્ય સજીવન હોતા હે; તુમ યહાંસે દક્ષિણ મેં જાના.
(જડી લઈ જાય છે)

अंक ४ थो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ.

સુરસેન—(ચંગા બેસુધ પડી છે તેની પાસે જઈ) ચંગા! ચંગા!! એ ચંગા!!!

ચંગા—(ભાનમાં આવી.) કોણ? મહારાજા?! તમારા મિત્રને મારા બેનની કંઈ ખબર?

સુરસેન—તે વિષે હું કંઈ જાણતો નથી. તમે સર્વ જુદાં કેવી રીતે પડયાં?

ચંગા.— (દશા આ શી થઈ મારી. એ રાગ.)

તમે ગયા વીપ્રની નારી લેવા રાક્ષસને મારી. તમે.
ગુપ્ત આવાસે રૂપસિંહ, રહેલ લેવા વેર;
વીરસેન ઝટ આવ તું, સાદ કર્યો એ પેર.
થઈ મુજ બેની દુખિઆરી; જાઓ વીરસેન પૂકારી. તમે
છૂટયાં તમ-તગ મિત્રથી, પડતાંજ ઉપજ્યો ત્રાસ;
શત્રુ આવ્યો સૈન્ય લઈ, કરવા શિયળ નાસ.
તાબે થઈ ચાલે સંગ ગારી, કરે રી મન વિચારી. તમે.
ઘણીક રીતે સમજાવીયું, નહીં માન્યું લંપટ;
ત્યારે નીજ કટારથી, રાખિ ક્ષત્રાણી વટ.
નાસી કયાં બેની મુજ પ્યારી, કયાં છે તે જેની હું નારી. તમે.

સુરસેન—સતી! હવે શોક છાંડો, ગામ નજદીક આવ્યું; માટે આ પુરૂષ પોશાક પેહેરી લ્યો. (પોતે ડબલ પેહેરેલો છે તેમાંથી એક ઉતારી આપે છે. તે ચંગા પેહેરે છે ને બંને જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—સુંદરગઢ-મોતીચંદનું ઘર.

જીન—[ગુલાબ બર ઉંઘમાં સુતી છે ને પ્રવેશ કરે છે.] વાહ!!! આ ચંદ્રવદની અંધારૂ છતાં ચંદ્રની માફક કેવો પ્રકાશ કરે છે. ધન્ય છે એના ભોગવનારને! શું એના અધરની લાલી!

(ચુંબન લેવા જાય છે ને ગુલાબ જાગૃત થાય છે એટલે અદૃશ્ય થઈ જાય છે.)

ગુલાબ—અરે! આ મધ્ય રાત્રીના સમયમાં મારા શયન ગ્રહમાં કોણે પ્રવેશ કર્યો હશે? (તેવામાં જીન મોતીચંદનું રૂપ લઈને પડદામાં કમાડ ઠોકે છે તેથી) કોણ છે?

જીન--કોઇ નહીં કોઈ, એ તો હું.

ગુલાબ--તું કોણ?

જીન--આં: ઓળખતી નથી શું? હું મોતીચંદ પોતે.

ગુલાબ—કોણ?! પ્રાણનાથ! એકાએક! મધ્ય રાત્રીના સમયમા! છો કે છડા? [બારીમાંથી જુવે છે તો ખરેખર તેજ માલમ પડવાથી] પ્રાણનાથ આવું છું. [બાર ઉઘાડે છે ને જીન મોતીચંદના વેશમાં દાખલ થાય છે ને તરતજ થોડી વારમાં ખરો મોતીચંદ મોટી ધામધુમથી દાખલ થાય છે. ચાકર કમાડ ઠોકે છે. તેથી) કોણ છે?

ચાકર—શેઠાણી! મોતીચંદ શેઠ આવ્યા.

ગુલાબ—આ શું!

જીન--વાહ! તું તો ગાંડી છે; પુછે છે કે મોતીચંદ શેઠ આવ્યા? તેમાં વળી શંકાશીલ બનવાનું કારણ શું?

ગુલાબ---(ચાકર પ્રતી) હા.

ચાકર--શું હા, ઉઘડોની? [ગુલાબ બાર ઉઘાડે છે ને ખરો મોતીચંદ પણ દાખલ થાય છે.]

મોતીચંદ—[જીનને જોઈ] અરે! આ શો ગજબ!!! અરે ચંડાળ તું કોણ?

જીન—ચંડાળ તારો દાદો, ચાલ નીકળ બહાર મારા ઘરમાં તું કેમ આવ્યો તું મને કોણ પુછનાર, હું તારો બાપ મોતીચંદ.

મોતીચંદ—કોણ તું? (ગારા મારી ચલાવે છે)

ગુલાબ—(મોતીચંદને) સાંભળો. આ માણસ પણ જેમ આવેલ છે તેમજ બેઠેલ છે મારૂં શિયળ ભંગ થયું નથી; ચાલો મહારાજાની શમક્ષ ન્યાય કરાવીએ કારણ તમે બંને એક રૂપે, એક રંગે ને એક કદે છો વળી એકજ દરવેશે પણ.—

મોતીચંદ—ચાલો (સર્વ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—સુંદરસેનની કચેરી.

સિપાહી—(સુર ચંગાને સાથે લઈ) "નામદાર નગ઼સેઠકે ઘરમેં કોઉ હરામખોર લોકને ખાતર પાડયા હે, ઉસીકે લીયે નગ્રસેઠ યહ દોનુંપર શક લાતા હે.

ગુલાબ—(મોતીચંદ જીન સાથે પ્રવેશ કરીને.)

લાવણી.

સૂણો સિર છત્ર સિરતાજ, પિતાજી મારા;

દીસો ધર્મ ધુરંધર આપ, સુરવીર સારા.
આ પુરૂષ કહે મુજ નાર; આ કહે મારી;
કરો વિચારવંત વિચાર, કોની હું નારી.

સુંદરસેન—મોતીચંદ અને જીનને નોખા નોખા ખાનગીમાં બોલાવી પરંતુ બંને જણના જવાબ એક આવવાથી ઉંડો વિચાર કરી ઉંડો નિસાસો નાખી) મારા સર્વ સભાસદો ! તમે સાંભળો આ બાઈનો પુરૂષ જે કોઈ શોધી આપસે, તેને હું મારો વારસ પુત્ર નીમીશ. (કોઈ પણું હા ભણતું નથી.)

શુરસેન—તે બાઈનો પુરૂષ મારી ધ્યાનમાં છે, પરંતુ નામદાર આપ વચન આપો (રાજા વચન આપેછે. મોતીચંદ તથા જીન સામું જોઈ; હું નસીબ તપાસવામાં બહુજ પ્રવીણ છું આ બાઈનું નસીબ તપાસતાં એમ માલમ પડે છે કે તેનો ધણી ધણોજ ઈલમી હોવો જોઈએ; (સાંભળતાંજ જીન સર્પનું રૂપ લેય છે ને સુરસેન તલવાર ખેંચે છે ને તરતજ જીન પોતાનું અસલ રૂપ ધારણ કરે છે.)

જીન—અરે ! તારામાં શું તાગાતછે કે તું મને મારવાને તૈયા

ર થયો ?

સુરસેન—અરે ! તું શું? તારા જેવા તો તેરસો આ તલવાર શર્ણ થઈ ચુકયા છે.

જીન—ત્યારે થા તૈયાર (બંને લડે છે.]

સુરસેન—[જીનના વાળ પકડી વાંકો નમાવી તલવાર તેની ગર્દનપર મેલી) બોલ એ દુષ્ટ કેટલીવાર લાગે તેગ છે?

જીન--સુરવીર રાજકુમાર ! તું સાંભ—

સુરસેન—શું તું છુટવાની બારી ગોતે છે? તું એમ સમજે છે કે તમારા કરગરવાથી હું તને છોડી દઉં.

જીન—હું હનુંમંતની આણ લઈને કહું છું કે તું મને છોડ હું તારા ઘણા ઉપયોગમાં આવીશ.

સુરસેન—જ્યારે તું હનુંમંત વીરની આણ લેય છે ત્યારે હું તને છોડું છું યાદ રાખ આવું કામ કોઈ દીવસ કરીશ નહી, (છોડે છે)

જીન—મારા બોલ ખરા પાડવા માટે હું મારા માથાના વાળ આપું છુ તે જ્યારે તને મારી જરૂર પડે; ત્યારે તેમાંથી એક વાળ અગ્નિ ઉપર મુકજે કે તરતજ હું તારી હજુર હાજર થઈસ (અદ્રશ્ય

થાય છે.)

સુરસેન--[ગુલાબને મોતીચંદ બતાવી] સતી સ્ત્રી આ તારો ભરથાર-

સુંદરસેન—શાબાશ, શાબાશ મારા વારસ પુત્ર તને ધન્ય છે. [આસન ઉપરથી ઉતરી ચંગા તથા સુરસેનને પોતાની પાસે બેસાડી સુરસેનને] પુત્ર તમારૂં નામ?

સુરસેન—મારૂં નામ સુરસેન.

સુંદરસેન—આજથી મારા રાજ્યમાં સુરસેનજીની આણ ફેરવો; ને તમામ રૈયત તેમના હુકમમાં રહે તેવો બંદોબસ્ત કરો કચેરી બરખાસ્ત.

પ્રવેશ ૪ થો.

સ્થળ—બજારગેટ સરાફની દુકાન.

તારા—(સરાફને) સેઠજી આ વીંટી વેચાથી રાખશો?

સરાફ—જોઉં કેવી છે (તારા આપે છે તે અમુલ્ય હોવાથી પાછી આપી) હરામ ખાઉ ! લુચ્ચા !! સીપાઈને] પોલીસ ! ? [પોલીસ આવે છે તેને] આ નગતરે મારી વીંટી ચોરી છે.

પોલીસ--(તારાને) વીંટી ઈધર હે દેખું? કેસી હે.

તારા—વીંટી દેખનેકા તુમ્હારા કુચ્છ કામ નહીં હે.

પોલીસ—એસા? ઠીક હે, [સરાફને] ચલો સેઠ. દરબાર મેં લે જાવે?

સરાફ—હા, ચાલો, આ હરામખાઉની આંખ સેહેજ ભાતે નહિ ઉઘડે. (જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ સુંદરસેનની કચેરી સુરસેનનો ન્યાય.

(પોલીસ સરાફને તારા આવે છે.)

સરાફ— **અરે લાલદેવ. એ રાગ.**

સુણો રાજાજી કરૂં છું પ્રણામ;
ચોરી વીંટી નવતરે મારે મુકામ.
મારી વીંટી મળવા હુકમ એને દ્યો;
પછી ગુન્હા બદલ ગુન્હેગારી લ્યો.

સુરસેન—(તારાને) **સુણો મુજ પ્રધાના. એ રાગ.**

ભલા જન મને વીંટી જલ્દી બતા;
ચેહેરો તારો જોઇને ખાઉં ખતા.

તારા— આ વીંટી ન સૂરસેન વિના હાથે જાય;
ભલે મુજ ધડથી આ મસ્તક છેદાય.

સુરસેન—કોણ ? મારો પ્યારસેના?

તારા—આપ કોણ ! ? સુર–! ?

સુરસેન—હા, વીરસેન ?—

તારા—(નિસાસો નાખી.) સર્પ ડંસ—

સુરસેન—હાય. (છાતીમાં મુઠી મારી મુર્છીત્ત થાય છે.)

ચંગા—હે વિભૂ ! આશો કોપ ! ? (મુર્છીત થાય છે.)

સુરસેન--(સુધીમાં આવી.) પ્યારસેન ! આ ખેદકારી બનાવ કેટલા દિવસ–?

તારા—આજે ચાર—

સુરસેન—ફીકર નહીં, (ઈશ્વર પ્રતી) માહા વિભૂ ! તારો ઉપકાર માનું છું કેઃ—તેં મને વેળાસર ચેતવ્યો, (ચંગાને) તમે શોક છાંડો વીરસેન હયાત છે. (પોતાની પાસે જીનના આપેલા વાળ છે તેમાંથી એક વાળ અગ્નિ ઉપર મૂકે છે. જીન દાખલ થાય છે.)

જીન—પ્યારા સરદાર ! આજે મારૂં શું કામ પડ્યું?

સુરસેન—(તારાને) આહીંથી કેટલે દુર.

તારા—આસરે એક માઈલ, જ્યાં ટોડારી વાવ છે ? ત્યાં.

સુરસેન—[જીનને] એક માઇલને છેટે—[તારાને] કઈ દિશામાં?

તારા--ઉત્તર.

સુરસેન—[જીનને] ઉત્તર દીસામાં ટોડારી વાવ પાસે મારા ભાઇનું સબ પડયું છે,તે લાવી આપે તો મોટી મેહેરબાની.

જીન—ઘણીજ ખુસાલી. (જાય છે ને થોડી મુદતમાં લાવી સુરસેન પાસે સુવારે છે.)

સુરસેન—(વીરસેન પાસે બેસી.) પ્યારા મિત્ર! તારી આ દશા!? (જોગીની આપેલ જડી,ડંસ પર મૂકે છે.)

વીરસેન—(થોડી વારે જરા સુધીમાં આવી.) અરે! હું આ શું જોઉં છું?! સુ, તા, વી, ચં, વળી આ રાજ્ય દરબાર કેવો?! હું અહીં ક્યાંથી?! સ્વપ્નું તો નહીં?!

સુરસેન—ખરૂં, ખરૂં મિત્ર ખરૂં. (બંને ભેટે છે ને પછી ચારે ચળી ઈશ્વર સ્તુતિ કરે છે.)

ચારે જણુ— રેખતો.

પ્રભુ તૂજ મેહેર, થકી થઇ લેહેર, મળી સુખ નેહેર, જાસું નીજ શેહેરે.ટેક

લીલા તારી, દીસે ન્યારી, ગાઇ ગુણ જાઉં, બલિહારી;
ઘડીમાં કેર, ઘડીમાં લ્હેર; વિચિત્રજ ન્યાય, તારે ઘેર. પ્રભુ.

રહે અમ પર, અમી દ્રષ્ટી, કરે દરિઆવ, સુખ વૃષ્ટી;
સંકટ દુર કર, સુખ થાવા, છોડવ અમ હાલ જે આવા. પ્રભુ.

(પડદો પડે છે.)

સુત્રધાર—(સભા તરફ નજર કરી.) હે વત્સલ!

દોહરો.

વચન દીન આ દાશનું, લઈ દિલ નાટક સાર;
ભગની પરનારી ગણો, જિવ કરવા ઓધાર.

પશ્ચાચ પણ ચંગા હતી, તાન ચડચું કુરચંદ;
મન ધાર્યું સંગે રમું, રમત તે ગતી ગંત.

પડ્યો અતિ દુખ સાગરે, રોતી રહિ ગઈ આંખ;
તમને પણ હું વીનવું, ધરશો નેન ન ઝાંખ.
ગીરશો અંતે ખાડમાં, રખડી મરશોજ જન;
નામ રટો મુખથી હરી, રાખિને કાયમ ગન.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનારાઓના નામ.

પોરબંદર.

૫ રા. રા. શેઠ. ગોવીંદજી ભાટીયા.
૫ રા. રા. શેઠ. મેં હાજીહબીબ હાજીદાદા.
૫ રા. રા. ઈસ્માઈલ હાજી કાસમ.
૫ રા. રા. કલ્યાણજી રામજી.
૫ રા. રા. શા. દેવીદાસ કાહાનજી.
૨ રા. રા. મેતા છબીલદાસ વિ. ગૌરીશંકર.
૨ રા. રા. વિપ્ર રૂઘનાથજી આત્મારામ મેનેજર.
૨ રા. રા. પોકરણા ગોકળદાસ ધસાશી.
૧ વકીલ ગોવીંદજી ડાહ્યાભાઈ.
૧ વકીલ. નાગર ગોરધનદાસ નરભેરામ.
૧ વકીલ. ઠા. દયાળજી રણછોડ.
૧ વકીલ. ઠા. સુંદરજી પ્રાગજી.
૧ વકીલ. ઠા. પ્રાગજી મોનજી.
૧ વકીલ. ઠા. વસનજી હીરજી.
૧ વકીલ. ત્રીભોવન હરજીવન.
૧ દેશાઈ. નાનજી ગોકળજી પુસ્તકાલય.
૧ રાં. રા. જેઠાલાલ છગનલાલ નાગર.

૧ રા. રા. સોની પરશોતમ દેવચંદ.

૧ રા. રા. ખવાસ જેઠા ગોવીંદ હજુરી.

૧ રા. રા. ઠા. મોરારજી જાદવજી.

૧ રા. રા. ગાંધી રતનજી ઉકા.

૧ રા. રા. શેઠ. ઓધવજી પ્રેમજી.

૧ રા. રા. ગાં. રણછોડ રામજી.

૧ મેતા. અમરતલાલ વિ. વ્રજદાસ નાગર.

૧ સાધું અયોદ્ધાદાસ બિહારીદાસ.

૧ રા. રા. મથુરાદાસ દેવકરણદાસ બક્ષી

૧ રા. રા. ગાં કલ્યાણજી ગદનજી.

૧ રા. રા. ઠા. ભીમજી વિ. રણછોડ.

૧ રા. રા. ઠા. દેવચંદ પરશોતમ.

૧ રા. રા. સોની વસરામ દેવજી.

૧ રા. રા. સોની રણછોડ દેવજી.

૧ આરબ સાલમીન અબદુલા.

૧ ફકીર જુમા આમદ.

૧ સિંધી જુસબ હાસમ સ્વાર.

૧ રા. રા. ઠા. રણછોડદાસ ગાંગજી.

૧ રા. રા. ગાં ઝવેરચંદ કેસવજી.

૧ રા. રા. ઠા. ધારશી જવરાજ.

૧ રા. રા. રણછોડદાસ ગોરધનદાસ.

૧ રા. રા. સીવશંકર નરોતમ.

૧ રા. રા. શા. ગોપાલજી બેચર.

૧ રા. રા. શા. પ્રગાણુંદ લાધા.

૧ રા. રા. ઠા. જીવન લાધા.

૧ રા. રા. શા. ઝવેરચંદ ઇંદ્રજી.

૧ રા રા. શા. ધરમશી ભીમજી.

રાણાવાવ.

૧ રા. રા. ગંગાશંકર વજેશંકર. છાંયા.

૧ રા. રા. વિપ્ર અમરજી ઇંદ્રજી યાજ્ઞિક.

તા. સ્કુ૦—પોસ્ટ માસ્તર.

૧ વૈદ મણીશંકર જીવરામ.

આદીનીઆણા.

૧ રા. રા. મેઘજી જી[illegible] તા. સ્કુ માસ્તર.

[illegible]લા.

૧ ઠા. આગરશી વિ. સું[illegible]જી.

૧ ઠા. કારા મેઘજી નાયક.

રાજકોટ.

૧ રા. રા. ખત્રી લક્ષ્મણ બેચર.

૧ રા. રા. ભગવંતશંકર દયાશંકર.

જામનગર.

૧ રા. રા. સોની હંસરાજ દલા (હાલ પોરબંદર.)

૧ રા. રા. સોની ત્રીભોવન ખેતશી.

અમરાપુર.

૧ રા. રા. શંકરલાલ અનોપરામ.

ડભાસંગ.

૧ સોની નારાણ આણંદ પરજીયા.

૧ સોની મેઘજી આણંદ.

કુડલા સાવર.

૧ વૈદ વલભદાસ પ્રભાશંકર ભટ.

મહુવા.

૧ પ્રોત રામક્રસ્ન વિ. જીજીવ.

૧ રા. રા. વૈદ ધીરજરામ કુરણાશંકર.

૧ રા. રા. પ્રાણભાઈ માનભાઈ.

૧ રા. રા. માહાશંકર છગનલાલ.

૧ રા. રા. માધવજી રતનજી ષ્રા. સ્કુ. મ.